NAVBHARAT
TOURISM PVT. LTD.

UKS 2025-1

# ઉત્તરાખંડ

✈/🚆 ૬ રાત્રી

**૩ ભીમતાલ (નૈનિતાલ) - ૧ કૌસાની - ૨ કોર્બેટ**




## દિલ્હી પહોંચવાની તારીખ

| | |
|---|---|
| **એપ્રિલ** | : ૨૮ |
| **મે** | : ૫, ૧૨, ૧૯, ૨૬ |

## પ્રતિ વ્યક્તિ ટુર પેકેજ (ત્રીજી વ્યક્તિ માટે રૂમમાં પલંગ સિવાય મેટ્રેસની વ્યવસ્થા જ રહેશે.)

| દર પ્રતિ વ્યક્તિ ૨ વ્યક્તિ વચ્ચે | દર પ્રતિ વ્યક્તિ ૩ વ્યક્તિ વચ્ચે | બાળક (સીટ સાથે) (પથારી વગર/૬-૧૦ વર્ષ) | બાળક (સીટ સાથે) (પથારી વગર/૩-૫ વર્ષ) |
|---|---|---|---|
| રૂા. ૨૭૦૦૦/- | રૂા. ૨૫૫૦૦/- | રૂા. ૧૯૦૦૦/- | રૂા. ૭૦૦૦/- |

**૩ વર્ષ સુધીનું બાળક ફ્રી** — બુકીંગ ફોર્મમાં ૩ થી ૧૦ વર્ષ સુધીના બાળકની વિગત આપવી તથા બુકીંગ સમયે તે બાળકનું ફોટો આઈ-ડી અને જન્મનું પ્રમાણપત્ર ઓફિસમાં આપવું ફરજીયાત છે. અન્યથા ઓફિસમાં જાણ કર્યા વગરના બાળકની રકમ ટુર મેનેજરને ટુર ઉપડતા પહેલા ચૂકવવાની રહેશે.

### દિવસ-૧ : દિલ્હીથી ભીમતાલ (નૈનીતાલ) (૩૨૦ કિ.મી. ૧૦ કલાક)

સવારે દિલ્હી આગમન અને અહીંથી વાહન દ્વારા ભીમતાલ (નૈનીતાલ) જવા માટે પ્રસ્થાન. ભીમતાલ (નૈનીતાલ) આગમન અને હોટલમાં ચેક-ઈન. સાંજે સ્વૈચ્છિક વિહાર. **રાત્રી રોકાણ ભીમતાલ**

| બ્રેકફાસ્ટ : નથી | લંચ : નથી | ડીનર : ભીમતાલ |
|---|---|---|

### દિવસ-૨ : ભીમતાલ

સવારે નાસ્તા બાદ ભીમ તાલ, સાત તાલ, નવકુચીયા તાલની મુલાકાત. અહીં તમે સ્વખર્ચે પેરાગ્લાઈડીંગની મજા માણી શકો છો. બપોર બાદ મોલ રોડ પર ખરીદીની મજા માણો. સાંજે અહીંના કુદરતી અને હ્રદયસ્પર્શી વાતાવરણનો આનંદ માણો. **રાત્રી રોકાણ ભીમતાલ**

| બ્રેકફાસ્ટ : ભીમતાલ | લંચ : ભીમતાલ | ડીનર : ભીમતાલ |
|---|---|---|

### દિવસ-3 : ભીમતાલ

સવારે નાસ્તા બાદ નૈનાદેવી મંદિર, હનુમાન ગઢી અને પ્રાણી સંગ્રાહલયની મુલાકાત. બપોર બાદ અહીં આવેલ રોપ-વે અને નૈની લેકમાં બોટીંગની મજા માણો (સ્વખર્ચે). સાંજે સ્વૈચ્છિક વિહાર. **રાત્રી રોકાણ ભીમતાલ**

| બ્રેકફાસ્ટ : ભીમતાલ | લંચ : નૈનીતાલ | ડીનર : ભીમતાલ |
|---|---|---|

### દિવસ-૪ : ભીમતાલ (નૈનીતાલ)થી કૌસાની (૧૧૫ કિ.મી. ૪ કલાક)

સવારે નાસ્તા બાદ ભીમતાલ (નૈનીતાલ)થી કૌસાની જવા માટે પ્રસ્થાન. રસ્તામાં આવતા રાનીખેતની મુલાકાત લઈ કૌસાની આગમન અને હોટલમાં ચેક-ઈન. સાંજે સ્વૈચ્છિક વિહાર. **રાત્રી રોકાણ કૌસાની**

**(નોંધ : કૌસાનીમાં ભોજનની વ્યવસ્થા હોટલમાંથી રહેશે.)**

| બ્રેકફાસ્ટ : ભીમતાલ | લંચ : નથી | ડીનર : કૌસાની |
|---|---|---|

### દિવસ-૫ : કૌસાનીથી કોર્બેટ

વહેલી સવારે હોટલમાંથી સનરાઈઝનો આનંદ માણો. સવારે નાસ્તા બાદ અહીં આવેલ બૈજનાથ મંદિર અને ટી ગાર્ડનની મુલાકાત લઈ કોર્બેટ જવા માટે પ્રસ્થાન. કોર્બેટ આગમન અને હોટલમાં ચેક-ઈન. **સાંજે સ્વૈચ્છિક વિહાર. રાત્રી રોકાણ કોર્બેટ**

| બ્રેકફાસ્ટ : કૌસાની | લંચ : કોર્બેટ | ડીનર : કોર્બેટ |
|---|---|---|

### દિવસ-૬ : કોર્બેટ

વહેલી સવારે યુનીયનની જીપ દ્વારા જીમ કોર્બેટ નેશનલ પાર્કમાં જીપ સફારીનો આનંદ માણો (સ્વખર્ચે). અહીં તમે વાઘ, હાથી, વાંદરા, હરણ અને અન્ય રંગબેરંગી પક્ષીઓ નિહાળવવાનો આનંદ માણી શકો છો. સાંજે સ્વૈચ્છિક વિહાર. **રાત્રી રોકાણ કોર્બેટ**

| બ્રેકફાસ્ટ : કોર્બેટ | લંચ : કોર્બેટ | ડીનર : કોર્બેટ |
|---|---|---|

### દિવસ-૭ : કોર્બેટથી દિલ્હી (૨૫૦ કિ.મી. ૬ કલાક)

સવારે નાસ્તા બાદ કોર્બેટથી દિલ્હી જવા માટે પ્રસ્થાન. નવભારત ટુરીઝમ દ્વારા આયોજીત પ્રવાસના અનુભવ સાથે ન્યુ દિલ્હી રેલ્વે સ્ટેશન પર ડ્રોપ કરવામાં આવશે. **પ્રવાસ પુર્ણ...**

| બ્રેકફાસ્ટ : કોર્બેટ | લંચ : નથી | ડીનર : નથી |
|---|---|---|



info@navbharattourism.com
www.navbharattourism.com
1, Space Complex, 22, New Jagnath, Dr. Yagnik Road, Rajkot, Gujarat - 360 - 001
98258 04076 / 99258 04076 / 74050 90090

- **દરેક જગ્યાએ રૂમની સાઈઝ ૧૦"X૧૧" ફુટની હોય છે.**
- એર / રેલ્વે દ્વારા પહોંચતા દરેક પ્રવાસીએ સવારે ૭-૦૦ કલાક સુધીમાં ન્યુ દિલ્હી રેલ્વે સ્ટેશન પહોંચવાનું રહેશે.
- વધારાની ત્રીજી વ્યક્તિ માટે રૂમમાં પલંગ સિવાય મેટ્રેસની વ્યવસ્થા જ રહેશે.
- ભીમતાલ (નૈનીતાલ) અને કૌસાનીમાં નોન એ.સી. રૂમની વ્યવસ્થા રહેશે. જ્યારે કોર્બેટમાં એ.સી. રૂમની વ્યવસ્થા રહેશે.
- ભીમતાલ-નૈનીતાલના સ્થાનિક સ્થળોની મુલાકાત યુનીયનના નાના વાહન (સુમો/ક્વોલીસ) દ્વારા કરાવવામાં આવશે.
- કોઈપણ સ્થળની મુલાકાત એક જ વાર કરાવવામાં આવશે.
- **જીમ કોર્બેટ પાર્કની જીપ સફારી કોર્બેટ પહોંચ્યાના બીજા દિવસ સવારની પ્રવાસીએ જાતે સ્વખર્ચે બુક કરાવવાની રહેશે.**
  https://uttarakhandtourism.gov.in/destination/corbett-national-park
- ભીમતાલ અને કોર્બેટમાં સવારે ચા-કોફી-નાસ્તો તથા બે સમય ભોજનની વ્યવસ્થા નવભારતના કીચનમાંથી રહેશે. જ્યારે કૌસાનીમાં સવારનો બ્રેકફાસ્ટ અને સાંજના ભોજનની વ્યવસ્થા હોટલમાંથી રહેશે, લંચની વ્યવસ્થા રહેશે નહીં.
- પ્રવાસમાં જરૂરી સંખ્યા (૨૫ વ્યક્તિ) ન થાય તો તેવા પ્રવાસમાં સવારનો બ્રેકફાસ્ટ અને સાંજના ડીનરની વ્યવસ્થા હોટલમાંથી રહેશે. લંચ અને મેનેજરની વ્યવસ્થા રહેશે નહીં. જેની ખાસ નોંધ લેવી. જેથી પાછળથી કોઈ તકરાર કરવી નહીં.
- દિલ્હીથી નૈનિતાલ અને કોર્બેટથી દિલ્હીની મુસાફરી દરમ્યાન રસ્તામાં ભોજનની વ્યવસ્થા રહેશે નહીં.
- પ્રવાસન ક્ષેત્ર સાથે જોડાયેલી કોઈપણ સંસ્થા પોતાના પ્રવાસીને હંમેશા સારૂં આપવાનો જ પ્રયત્ન કરતી હોય છે. છતાં સંજોગોવસાત દર્શાવેલ હોટલમાં બુકીંગ ન મળે તો તે પ્રકારની અન્ય હોટલમાં બુકીંગ કરાવવામાં આવશે. જે દરેક પ્રવાસીને માન્ય રહેશે.
- હોટલમાં દરેક રૂમો એક સરખા હોતા નથી, જેથી દરેક પ્રવાસીએ પોતાને આપેલ રૂમની સરખામણી બીજા કોઈના રૂમ સાથે કરવાની રહેશે નહીં. અને તે અંગે મેનેજર કે મેનેજમેન્ટ સાથે કોઈપણ તકરાર કરવી નહીં.
- કોઈપણ જગ્યાની પ્રવેશ ફી, ગાઈડ ફી, કેમેરા ચાર્જીસ, કુલી, મજૂરી, લોન્ડ્રી, રાઈડ, રોપ-વે, બોટીંગ, દાન, ટીપ્સ, કોલ્ડ્રીંક્સ, હાર્ડ ડ્રીંક્સ, તબીબી સેવા, મુસાફરી વિમો તથા સ્વ પસંદગીથી કરેલા કોઈપણ ખર્ચ પ્રવાસીએ પોતે ભોગવવાનો રહેશે.
- પ્રવાસમાં સંખ્યા મુજબ દિલ્હીથી દિલ્હી એ.સી. વાહનની વ્યવસ્થા રહેશે. સરકારી નિયમ અનુસાર પહાડી વિસ્તારમાં એ.સી. ચાલશે નહીં.
- હોટલના ચેક-ઈન અને ચેક-આઉટ સમય પ્રમાણે રૂમની વ્યવસ્થા રહેશે. સમયથી વહેલા પહોંચનાર અને ચેક-આઉટ સમય પ્રમાણે રૂમ ચેક-આઉટ કરી પ્રવાસીએ હોટલના વેઈટીંગ એરીયામાં બેસવાનું રહેશે.

| ડીલક્ષ હોટલના નામ | | |
|---|---|---|
| BHIMTAL | The Palm Hotel or Similar | 3N |
| KAUSANI | Blossom Hotel or Similar | 1N |
| CORBETT | Pratiksha River Retreat or Similar | 2N |



info@navbharattourism.com
www.navbharattourism.com
1, Space Complex, 22, New Jagnath, Dr. Yagnik Road, Rajkot, Gujarat - 360 - 001
98258 04076 / 99258 04076 / 74050 90090